વર્ષ : ૫ અંક : ૧૧ ડિસેમ્બર–૨૦૨૨

# પલાશ










## શ્રી ઝવેરચંદ મેઘાણી
# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
## સુરેન્દ્રનગર

# અભિનંદન



**ગુજરાત સરકારના સમાજિક અધિકારીના વિભાગ દ્વારા ડાયેટ–સુરેન્દ્રનગરના પ્રાચાર્ય ડૉ. સી. ટી. ટૂંડિયાનું સંતશ્રી કબીર સાહિત્ય એવોર્ડ દ્વારા સન્માન કરવામાં આવ્યું. આપની સફળતાની ખુશી અમારી શુભકામનાઓ સાથે ડાયેટ–સુરેન્દ્રનગર આપને અભિનંદન અને પ્રગતિમય પથની શુભેચ્છા પાઠવતા ગૌરવની લાગણી અનુભવે છે**




અમદાવાદ ખાતે યોજાયેલ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના એવોર્ડ અર્પણવિધિ સમારોહમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબિનેટ મંત્રીશ્રી પ્રદીપભાઈ પરમારની ઉપસ્થિતિ-એવોર્ડ વિજેતા અને મહાનુભાવોને અભિનંદન પાઠવતા અને એવોર્ડ એનાયત કરતા કેબિનેટ મંત્રીશ્રી પ્રદીપભાઈ પરમાર અને અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર-વિવિધ એવોર્ડમાં ડો.બાબા સાહેબ આંબેડકર એવોર્ડ, મહાત્મા ગાંધી એવોર્ડ, સંતશ્રી કબીર સાહિત્ય એવોર્ડ, સાવિત્રીબાઈ ફૂલે મહિલા કલા/સાહિત્ય એવોર્ડ, મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ, દાસીજીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ એવોર્ડનો સમાવેશ-ડો.બાબા સાહેબ આંબેડકર દ્વારા કરાયેલ યાદગાર અને ઉમદા કાર્યોના સ્થળોએ આજે દેશ - વિદેશમાં પંચતીર્થનું નિર્માણ શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વ હેઠળ શક્ય બન્યું: કેબિનેટ મંત્રીશ્રી પ્રદીપભાઈ પરમાર.










**અધ્યક્ષ** : ડૉ. સી. ટી. ટૂંડિયા
**તંત્રી** : ડૉ. કોમલબહેન આર પંડયા
**સહતંત્રી** : ડૉ. રાજનકુમાર પિતલિયા

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઈ યુ. દંગી
ડૉ. મનીષભાઈ એન. પંડયા
શ્રી જયેન્દ્રભાઈ જે. જોશી
ડૉ. સુમનબહેન જી. પંડયા
શ્રી પીયૂષભાઈ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઈ કે. ગોસાઈ

**સંપાદક મંડળ**

શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ
ડૉ. કેતનભાઈ ગોહિલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી આર. ડી. પાંચાણી
શ્રી અશોકભાઈ વાઘેલા
શ્રી હિતેશભાઈ ઠાકર
શ્રી જાતુશભાઈ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
શ્રી નીતિનભાઈ પંચાલ
શ્રી ધનજીભાઈ વાલેરા
શ્રી મુકેશભાઈ બદ્રેશિયા
શ્રી પુનાભાઈ વકાતર

## અધ્યક્ષીય...

ત્રિમંત્ર : વાંચવું, વિચારવું અને વિકસવું...

શિક્ષક પુસ્તક પ્રેમી અને વાચક હોવો જોઈએ. જ્યાં સુધી શિક્ષક અભ્યાસક્રમમાં સમાવિષ્ઠસંદર્ભ પુસ્તકોનું વાંચન કરશે નહીં ત્યાં સુધી વિદ્યાર્થીઓને વર્ગખંડમાં વધુ અનુભવ પૂરા પાડી શકાશે નહીં.

આ અંકમાં કેળવણીકાર મૂળશંકર મો. ભટ્ટના પુસ્તક "શિક્ષકની નિષ્ઠા અને દ્રષ્ટિ"નો પરિચય આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શિક્ષકોએ ઓશોનું પુસ્તક 'જીવંત શિક્ષક', નાનાભાઈ ભટ્ટનું 'ઘડતર અને ચણતર', તોતોચાંદ, ગાંધીજીના સત્યના પ્રયોગો, વેડછીને વડલો જુગતરામ દવેની આત્મકથા 'મારી જીવનકથા' સમૂહ જીવનનો આચાર, દીવાસ્વપ્ન જેવા પુસ્તકો વાંચવા જોઈએ, વંચાવવા જોઈએ.

લોકમાન્ય તિલક એવું કહેતા કે હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ.કેમ કે તેમાં એવી શક્તિ છે કે તે જ્યાં હશે ત્યાં સ્વર્ગ બની જશે.

વિદ્યાર્થીઓમાં વાંચન રસ કેળવવા માટે આપણે તેમને પ્રેરણા-માર્ગદર્શન આપતા રહીએ. જો બાળકો-શિક્ષકો ઉપરોક્ત ત્રિમંત્રને અનુસરશે તો જીવન જ્ઞાનયજ્ઞ બની જશે.

**પત્રવ્યવહાર - સંપર્ક**

ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩ ૧૭૦
મોબાઈલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭

E-mail : palash.dietsnr@gmail.com
Blog : dietsurendranagar.blogspot.com
Website : www.dietsnr.org

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| 1 | આસ્વાદ : એક શિક્ષકનું દેહાંત... | 03 |
| 2 | શિક્ષકની નિષ્ઠા અને દ્રષ્ટિ | 07 |
| 3 | આપણી શાળા : ઓવનગઢ | 10 |
| 4 | ડાયેટ સમાચાર | 12 |
| 5 | મુલાકાત | 15 |
| | | |
| | | |
| | | |
| | | |


## લેખકો માટે

- પલાશ માટેના લેખ શ્રુતી ફૉન્ટ, સાઈઝ 12 માં કોમ્પ્યુટરરાઈઝડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઇ-મેઇલ એડ્રેસ પર મોકલવા અને ભાવ-પ્રતિભાવો પણ ઉપરના ઇ-મેઇલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોષ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઈએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહી.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. એ અંગેનો વિશેષ પત્ર વ્યવહાર કરવો નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતાં વિચાર-વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહીં.

## આસ્વાદ: એક શિક્ષકનું દેહાંત...

શિક્ષકનું દેહાંત-

શિક્ષક હોવું એટલે આમ તો
બ્લેકબોર્ડનાં આકાશે-
શબ્દોની વાદળીથી ઘેરાઈ વરસી પડવું
વર્ગખંડનાં સૂકાં ગૌચરે
જિંદગીના અર્થની લીલોતરી થઈ એજ ને?
શિક્ષકનું દેહાંત એટલે-
એક શ્વેત ચોકનું વર્ગખંડમાં લખાઈને પૂરું થઈ જવું?
કે ચોકની રજકણો જેમ
તાસ પૂરો થતા ધીમે ધીમે વર્ગખંડમાં શમી જવું?
શિક્ષકની ઋતુએ-
વર્ગખંડને પણ વસંત બેસતાં મેં જોઈ છે!
વર્ગખંડની બહાર એક પુસ્તકનાં પાનાં
પવનમાં ઉડે તેમ મેં અવિરત ઊડતાં જોયાં છે!
વગર દિવાલોની હરતીફરતી
એક આખી જંગમ વિદ્યાપીઠ મેં જોઈ છે!
ને તાસ પૂરો થતા મારાં ભીતરનાં ગગને
એક આખું મેઘધનુષ્ય તણાતું પણ મેં જોયું છે!
કાગળની ચોપડી પણ મેં વાંચી છે!
ને એક શિક્ષકની હયાતીની જીવંત કિતાબ પણ!
ઘરનાં પુસ્તકાલયમાં કાગળની કિતાબો તો ખરી જ!
ને કાળજાનાં પુસ્તકાલયે એક જીવંત શિક્ષકની પણ!
લીલાંછમ નાજુક એક તરણાને
વર્ગખંડનાં સૂકા વેરાન વગડે
લીલીછમ આગ ચાંપતાં મેં જોયું છે!
ને એક ઘનઘોર વાદળીને વર્ગખંડમાં-
સળગતી આગને ઠારતાં પણ જોઈ છે!
શિક્ષક હોવું એટલે આમ તો-
ઠરેલાંને સળગાવવું ને સળગેલાંને ઠારવું એજ ને?
એ મારા શિક્ષક-

આજે સળગીને ઠરી ગયા કાયમ માટે
અસ્તિત્વની ચૂલમાં!
હાડમાંસનો સુકલકડી એ દેહ સ્મરણનું બાવલું થઈ
મારી ભર વચાળે હવે અખંડ ઊભું રહેશે-
સમયની ચૂલમાં સળગીને હું ઠરી ન જાઉં ત્યાં સુધી!
-ઘનશ્યામ સવાણી

સર્જક એના શબ્દો દ્વારા 'લગભગ ઝીલી ન શકાય એવી માનવ નિયતિને તાદ્રશ્ય કરે છે. નોબેલ પારિતોષિક વિજેતા શેરયમ હિની કહે છે, "બાહ્ય વાસ્તવના પ્રભાવને વફાદાર અને કવિનાં હોવાપણાનાં આંતરિક નિયમન પરત્વે સંવેદનશીલ હોય એવી કવિતાને સાર્થક કવિતા કહે છે." કવિ મૂલ્યોનો શોધક અને સંગ્રાહક છે. સાચી કવિતા આપણને યાદ અપાવે છે કે 'આપણી એકલતાઓ ને પીડાઓ પણ આપણું જમા પાસું છે, કેમ કે તે આપણા યથાર્થ માનવ હોવાની એંધાણી છે.

અને ખરેખર તો સાહિત્યિક કૃતિઓમાં જિંદગીની અધૂરપની, મધુરપની અથવા પૂર્તિની શોધ સાથે...સાહિત્ય પદાર્થમાંથી આપણે નિજાનંદ માણતા હોઈએ છીએ! કવિ ઘનશ્યામ સવાણી આવી કઈંક વિભાવના સાથે કવિતા દ્વારા પ્રસ્તુત થયા છે.

જીવ માત્રના દેહનો અંત એક નહીં ને એક દિવસે આવે; દેહાંત થાય તે સનાતન સત્ય છે. હા, સ્થૂળ દેહના અંતમાં શિક્ષક પણ આવી જાય. અન્યથા શિક્ષક કયારેય મૃત્યુ પામતો નથી. શિક્ષકના દેહાંત પછી પણ અનેક શિષ્યોનાં વર્તનનાં થયેલાં પરિવર્તનમાં કાયમી જીવંત રહે છે. અહીં કવિએ એટલે જ કવિતાનું શીર્ષક જ બોલકું એવું 'શિક્ષકનું દેહાંત' આપ્યું છે!

પણ સીધે સીધું કહે તો કવિ શાના? કવિ તો આગળનું બારણું ઉઘાડે ને જે કહેવા ધારે તે પાછળનાં બારણેથી પસાર કરે! સીધું કહેવાથી એ કવિતાના વાઘા પહેરી ન શકે. તેથી જ કહેવાયું છે- શબ્દ એ કવિતાનું સ્થૂળ સાધન છે અને અર્થ એ સૂક્ષ્મ સાધન...અહીં કૃતિમાં ઘટનાની અવાંતરે પડેલી ઘટનાનો આધાર લેવામાં આવ્યો છે.

કવિ પોતાના એ (અ)ભૂતપૂર્વ શિક્ષકને વરસો પછી રૂબરૂ મળવા જાય છે...શિક્ષકના દેહને આયખાનો લૂણો લાગી ગયો છે. તેઓ પથારીવશ છે. એક તેજ-તર્રાર ને તરવરાટ સભર શિક્ષકને જર્જરિત કાયામાં જોઈ, ખરેખર દેહની ક્ષણભંગુરતાનો અહેસાસ અનુભવે છે. ઉંમરના એક મુકામ પર પહોંચ્યા પછી કોઈ સ્વજનને મળવાનું બને ત્યારે કહેતા સાંભળ્યા છે, "હવે તો મળ્યા ને મળવું ઉપરવાળાના હાથમાં છે." કવિને પથારીવશ પોતાના શિક્ષકના દેહના અંતિમ દર્શનની ઝંખના પોતાનાં હૃદયમાં સતત એ ભણી પકડી રાખે છે! અહીં પણ બનવાકાળે મળ્યાના વળતા દિવસે જ દેહાંત થયાના સમાચાર મળે છે! પોતાની રાહે જ એમનો દેહ જાણે અંતિમ શ્વાસ છોડવાની ધીરજ રાખી રાહ જોતો હશે એવું કવિ પ્રબળપણે ભીતરે અનુભવે છે! આ બધી જીવન અને જગતની અકળ લીલા છે.

કવિને મૂળ તો કોઈ ઘટનાના તરાપે કાવ્યસાગર તરવાની ફાવટ છે. તેથી છંદના (કુ)છંદે ચઢ્યા વગર

અથવા કોઈ બંધન કે બંધારણ વિના અછાંદસ માં મૂક્તપણે વિહરે છે. હા, તેમાં શબ્દોની યોગ્ય કરકસર ને સઘનભાવ જાળવી કોઈ ચિત્રકાર માફક એકાદ-બે લસરકામાં આખું ચિત્ર ખડું કરી દે છે. કવિને આવો કસબ ને કરામત હાથ વગી છે. કવિત્વનાં કેન્દ્રમાં શિક્ષકત્વ છે. ભૂંસાતા અને વિસરાતા શિક્ષક-વિદ્યાર્થીના સંબંધનું સંવેદન છે. સંવેદનને બરાબર સજે ને માંજે છે.

કવિએ શિક્ષકનાં શિક્ષકત્વને જે રીતે જોયું છે: વર્ગખંડમાં વસંત બેસાડી છે...અને તેઓમાં એક આખી જંગમ વિદ્યાપીઠ જોઈ છે. વર્ગખંડમાં તાસ પૂરો થયા પછી કવિની ભીતરમાં મેઘધનુષ્ય રચાતું જોયું છે. અંદર અજવાળું પથરાયાનું જોયું છે. આંતરજગત ઝળહળ થયું છે. નહિતર તો તાસ પૂરો થાય અને આખો વર્ગખંડ પણ પૂરો થઇ જાય!

આજે 'સ્માર્ટ ક્લાસરૂમ'ના લીધે બ્લેકબોર્ડનું આકાશ અલિપ્ત થઇ ગયું છે. આમ થવાથી વર્ગખંડમાં વિદ્યાર્થીઓએ શું મેળવ્યું તેનો હિસાબ હાથ લાગે એવો નથી પણ ઘણું ગુમાવ્યાનો સરવાળો સરળતાથી થઇ શકે એવો છે. એટલે જ શબ્દોની વાદળી, વર્ગખંડનું સૂકું ગૌચર, જિંદગીના અર્થની લીલોતરી, વર્ગખંડ વસંત, શિક્ષકની ઋતુ, કાળજાનું પુસ્તકાલય, ભીતરનું મેઘધનુષ્ય, અસ્તિત્વની ચૂલ વગેરે રૂપકો દ્વારા શિક્ષકત્વના નાજૂક ધાગાથી જીવનને તોડવાના કોઈ એવા ત્રાગા વચ્ચે જીવનને જોડવાનો પ્રયાસ કરે છે અને કેન્દ્રમાં તો શિક્ષક જ છે.

જયારે કવિ જ એક શિક્ષકને મધ્યમાં રાખી વર્ગખંડની વિશેષ કવિતા રચે છે ત્યારે કવિતાની સાથે આખો વર્ગખંડ જીવંત બને છે. કવિતા ભણ્યા પછી મૃત:પ્રાય થયેલા વર્ગખંડ પણ જોયા છે.આ સિવાય કવિએ શિક્ષક અને તેમનાં શિક્ષણના સંદર્ભે ઘણું ઘણું જોયું, અનુભવ્યું છે:

" લીલાંછમ નાજુક એક તરણાને
વર્ગખંડના સૂકા વેરાન વગડે
લીલીછમ આગ ચાંપતા જોયું છે!

વળી આગળ ઉમેરે છે:

"ને એક ઘનઘોર વાદળીને વર્ગખંડમાં
સળગતી આગને ઠારતાં પણ જોઈ છે!"

સામાન્યજન કરતા કવિ જુદું જ ભાળે...ને એટલે જ તો તે કવિ છે. અહીં વાદળી અને આગને છેક વર્ગખંડમાં લઇ આવે છે. વાદળીને વરસાવે ને આગને ઠારે છે. તેમાં અંતેતો જ્ઞાન પ્રાપ્તિ જ અભિપ્રેત હશે. હા, જ્ઞાન એટલે કેવળ માહિતી નહીં પણ જીવનમાં ઉપયોજનનો સંદર્ભ જોડે છે. જીવનના અઘરા, અટપટા કોયડા ઉકેલવાની કળા શીખવે તે શિક્ષક. જેમાં શિક્ષકના વાણી, વર્તન અને વ્યવહારનો સમન્વય થતો હોય.

શિક્ષક હોવું અને શિક્ષક થવું...બેઉ વચ્ચે મોટું અંતર અથવા ભેદ છે. પણ અહીં 'બોર્ન-ટીચર' જન્મજાત શિક્ષકની વાત છે. શિક્ષક હોવું એ જીવન અને જગતની મોટી ઉપલબ્ધિ ગણાય. એટલે કવિ કહે છે:

"શિક્ષક હોવું એટલે આમ તો-
ઠરેલાંને સળગાવવું ને સળગેલાંને ઠારવું એજ ને?"

આ કવિ-ન્યાય છે! જાતે જ કહી દીધું... પણ આમાં સમગ્ર જીવનનો સાર આવી જાય છે. કવિ સંસારથી

જરાય અલિપ્ત નથી તેથી દુન્યવી દુ:ખ અનુભવે છે: એ મારા શિક્ષક, આજે સળગીને ઠરી ગયા કાયમ માટે અસ્તિત્વની ચૂલમાં!

સળગીને એટલે કે પ્રજ્જવલિત થઇ ને ઠરી જવું....એ બહુ ઓછાનાં જીવનમાં લખાયું કે જીવાયું હોય છે. જે ક્યારેય સળગ્યા જ નથી...તેને ઠરવાની શું ખબર કે અનુભવ હોય! અહીં શિક્ષક સતત શિક્ષકત્વની ચિનગારીથી સળગતા ને વર્ગખંડને અજવાળતા રહ્યા છે...ને વળી પાછાં વાદળી જેમ વરસતા પણ રહ્યા છે. કેવો વિરોધાભાસ...! ને પાછું એટલું જ નક્કર સત્ય! કારણ કે શિક્ષક એ સામાન્ય નહીં પણ અસામાન્યજીવ છે. તેમાં જ આવું સંભવી શકે!

કોઈ કળા કે પ્રકૃતિથી વેગળો હોય એ શિક્ષક હોઇ શકે ખરો? અહી કવિ પ્રકૃતિનાં ઋતુચક્ર સાથે શિક્ષકત્વનાં કર્તવ્યચક્રને સાંકળી ભાષાના તાંતણાથી કાવ્યનું પોત રચી પોતાનાં જીવનને દશા અને દિશા દેખાડનાર એ શિક્ષકને ખરી હ્રદયાંજલિ પાઠવે છે. અને યાદ તો તેને કરવાના હોય જે ભૂલાઈ જતા હોય...પણ કવિ માટે-

"એ દેહનું સ્મરણ બાવલું થઇ
મારી ભર વચાળે હવે અખંડ ઊભું રહેશે-
સમયની ચૂલમાં સળગીને હું ઠરી ન જાઉં ત્યાં સુધી!"

ફરી આગળનું યાદ કરીએ તો, દેહાંત એ સનાતન સત્ય છે. સૌને સમયની ચૂલમાં સળગીને ઠરી જવાનું છે, તેમાં કવિ પણ બાકાત નથી!

આખી કવિતામાં કયાંય શબ્દનો ભાર નથી. અર્થથી ન સમજાય એવી પહોળાઈ નથી પણ ઊંડાણ છે. જે કહ્યું, કર્યું તે સહજ ને સરળ છે. ગાંધીજી કહેતા, "કોશિયો પણ સમજી શકે એવું સાહિત્ય હોવું, રચાવું જોઈએ." કોઇપણ ભાવક પામી શકે એવી આ રચના છે. હા, કવિતામાં બળકટ ઊર્મિ હોય પણ અહીં નરી વાસ્તવિકતા છે. જેની સંવેદનસભર અનુભૂતિ થાય છે. સૌ કોઈ ભાવકને અસર કરી જાય છે. અને પોતાના જીવનમાં આવેલા આવા વિરલ શિક્ષકને યાદ કરવા લાગે છે.

વાત તો એવી પણ ખરી કે કવિ પોતાના પ્રિય શિક્ષકનાં દેહાંતનું સંવેદ્ય રચી પોતે પણ શિક્ષક હોવાની પોતાની હયાતીનું સાર્થક્ય પણ અનુભવે છે...જેનું મૂલ્ય- અમૂલ્ય છે!

અને એટલે જ કહેવું પડે- કવિના શબ્દ અને શિક્ષકના શિક્ષકત્વનું ક્યારેય દેહાંત થતું નથી.

આવી સંવેદનસભર રચના બદલ કવિને ધન્યવાદ.

**- રાઘવજી માધડ**
અભિષેક' ૭૧૫/૧, સેક્ટર – ૭ બી, ગાંધીનગર
મો. ૯૪૨૭૦ ૫૦૯૯૫

પુસ્તક પરિચય :

# શિક્ષકની નિષ્ઠા અને દ્રષ્ટિ

મૂળશંકર મો. ભટ્ટ

- ડૉ સી .ટી. ટૂંડિયા

મુખ્ય વિષય જેમનો સંગીત. સંગીતશિક્ષક તરીકે રાષ્ટ્રીય શાળામાં કામ કર્યું. જેઓએ શિક્ષક, મુખ્યગૃહપતિ, અધ્યાપક અને આચાર્ય તરીકે સંનિષ્ઠ કામગીરી કરી. જેમણે શિક્ષણ ચિંતનના સાત, ચરિત્ર ઉપર ચાર, બે પુસ્તકોનું સંપાદન, એકતત્વજ્ઞાન ઉપર અને પંદર જેટલા પુસ્તકોના અનુવાદ તેમ કુલ મળી ઓગણત્રીસ પુસ્તકો લખ્યા છે. તેવા કેળવણીકાર મૂળશંકર મો.ભટ્ટના એક પુસ્તકનો પરિચય કરાવવો છે.

"**શિક્ષકની નિષ્ઠા અને દ્રષ્ટિ**"મૂળશંકર મો. ભટ્ટનુંજેપુસ્તક પ્રગટ થયેલ છે તેનું સિંહાવલોકન કરીએ.જેમાં તેમના શિક્ષણ અને કેળવણી વિષયક લેખોનો સંગ્રહ થયેલો છે. જે લેખો કોડિયું અને અન્ય મેગેઝિનોમાં પ્રકાશિત પણ થયેલાં છે.

આ પુસ્તકનું પ્રકાશન ગૂર્જર સાહિત્ય ભવન– અમદાવાદદ્વારા કરવામાં આવ્યું છે. જેની કિંમત રૂપિયા ૨૭૦ છે. જેની ચાર આવૃત્તિ : ૨૦૦૧માં અને પુનર્મુદ્રણ : ૨૦૦૪માં થયેલ છે.

આ પુસ્તકના લેખક મૂળશંકર મો. ભટ્ટ. જેમણે રાષ્ટ્રીય શાળામાં સંગીત શિક્ષક, ઘરશાળા ભાવનગરમાં શિક્ષક, બુનિયાદી અધ્યાપન મંદિર ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં આચાર્ય, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ-સણોસરામાં અધ્યાપક અનેમુખ્ય ગૃહપતિ તથા લોકસેવા મહાવિદ્યાલયના આચાર્ય તરીકે કામગીરી કરેલી છે.

આ પુસ્તકમાં ભાવાંજલિ અર્પણ કરતાં વિમલા તાઈ ઠાકર લખે છે કે, "મૂળશંકરભાઈનું મૃદુ, સૌમ્ય, સ્નિગ્ધ વ્યક્તિત્વ અક્ષરે અક્ષરમાં પ્રતિબિંબિત થયેલું છે. ભાઈની આંખોમાંથી જેમ વાત્સલ્યરસ નીતરતો, મુદ્રામાંથી જેમ સ્નેહરસની શીતળતા અખંડ ઝરતી તેમ વ્યાખ્યાનોમાંથી પણ તે જીવનરસ ઝરે છે. ભાઈ આદર્શ શિક્ષક, વત્સલ ગૃહપતિ વગેરે તો રહ્યા જ હશે, પણ એક ઉચ્ચ કક્ષાના માનવી હતા. સાધુ હૃદય વિશુધ્ધ માનવી હતા એ વાત દીવા જેવી સ્પષ્ઠ દેખાયછે."

કેળવણીકાર મનુભાઈપંચોળી 'દર્શક' પરિચય આપતા લખે છે કે, "શિક્ષણને પોતાનો પરમધર્મ માનનારા તેમના સાથીદારોમાં મૂળશંકરભાઈ સૌના અગ્રણી છે. અર્જુનને જેમ સરસંધાન વખતે પક્ષીની આંખ સિવાય કશું દેખાતું ન હતું, તેમ મૂળશંકરભાઈને પોતાની આજુબાજુની સૃષ્ટિમાંથી શૈક્ષણિક મૂલ્યો સિવાય બીજાં મૂલ્યો આકર્ષી શક્યા નથી એટલું જ નહિ, પણ જીવનની મોટીમોટી ચિંતાઓ પણ વિદ્યાર્થી અને તેનું શિક્ષણ નજર સામે આવતાં જ, કમળ પરથી પાણી સરી પડે તેમ, સરી પડતી મેં હંમેશાં જોઈ છે."

શ્રી મૂળશંકરભટ્ટ એક સાધક અને શ્રેષ્ઠ શિક્ષક હતા. પુસ્તકમાં મનસુખ સલ્લા 'શિક્ષકની સાધના' અંતર્ગત લખે છે કે, "પ્રાચીનકાળથી ઉત્તમ શિક્ષકના ત્રણ લક્ષણો વર્ણવાયાં છે: (૧)બહુશ્રુતતા,(૨)શિષ્યવત્સલતા, (૩) બ્રહ્મનિષ્ઠા. -

મૂળશંકરભાઈની બહુશ્રુતતા કેટલી વિકસી તેનું મૂલ્યાંકન અલગ લેખનો વિષય છે, પરંતુ તેમાં પ્રેરકબળ હતા વિદ્યાર્થીઓ. વિદ્યાર્થીઓના રસનાં અને વિકાસનાં ક્ષેત્રો તેમના પોતાનાં ક્ષેત્રો પણ બનતા ગયાં. વિદ્યાર્થીઓ વિશેનાં અવલોકન, અનુભવ અને ચિંતન વધતાં ગયાં તેમ તેમણે જોયું કે વિદ્યાર્થીના મનને – ચિત્તને પ્રથમ સમજવું જોઈએ. એ વિના સાચા શિક્ષક ન બની શકાય અને તે માટે તેમણે માનસશાસ્ત્ર અને ચિત્તશાસ્ત્રનો તજજ્ઞતાની કક્ષાનો અભ્યાસ કર્યો. વિદ્યાર્થીઓને રાત્રિ-પ્રવૃત્તિમાં વાર્તા ગમે છે તો તેમણે 'સાગરસમ્રાટ', 'સાહસિકોની સૃષ્ટિ', 'પાતાળપ્રવેશ', '૮૦દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા', 'ગગનરાજ', 'ખજાનાની શોધમાં', 'ધરતીનેમથાળે', 'ચંદ્રલોકમાં', 'આનંદ અને અજવાળાની વાતો', 'દેશ-દેશની લોકકથાઓ', 'વાંચવા જેવી વાતો', વગેરે ગુજરાતીમાં ઉતાર્યા. તેમણે અનુવાદ દ્વારા સાહસ, શૌર્ય, સ્વાર્પણ અને આનંદની વાર્તાઓનો ખજાનો ગુજરાતની ઊછરતી અને ભાવી પેઢી માટે સુલભ બનાવ્યો. જુલેવર્ન ગુજરાતી બન્યા તે મૂળશંકરભાઈના સથવારાથી. વિક્ટર હ્યુગોની 'લામિઝરેબ્લ' ગુજરાતી વાચકોના હાથમાં તેમણે મૂકી. એ નવલકથાના અનુવાદમાં યોજાયેલી ભાષાનું ગુજરાતીપણું અભ્યાસીઓએ નાણવા-માણવા જેવું છે."

પુસ્તકની બીજી આવૃતિના અવસરે નટવરલાલ પ્ર. બુચ 'નિષ્ઠાનો ધબકાર' અંતર્ગત લખે છે કે, " સ્વ.મૂળશંકરભાઈની ગૃહપતિ અને શિક્ષક તરીકેની જાગ્રત જીવનસાધનાના નિચોડરૂપ 'શિક્ષકની નિષ્ઠા અને દ્રષ્ટિ' પુસ્તકનું આ શીર્ષક એમાંનાં લખાણોની વિચારનાનખશિખ આચારાન્વિત છે તે પ્રગટ કરે છે તે ભુલાવું ન જોઈએ. મૂળશંકરભાઈની અતૂટ નિષ્ઠાએ એમની સાધનામાં બળ પૂર્યું અને એમની સ્પષ્ટ દ્રષ્ટિએ એમને અસંદિગ્ધ માર્ગદર્શન આપ્યું. અને તેના જ ફલસ્વરૂપ તેમની સાત દાયકાની જીવનયાત્રાના અંતભાગમાં આ પુસ્તકના અંતભાગમાં લખ્યા પ્રમાણે તેમણે પ્રસન્નતા અને સંતોષનો ધન્યતાભર્યો અનુભવ કર્યો છે.

પાંચમી આવૃત્તિવેળાએ અંતર્ગતતેમના દીકરા વિક્રમ મૂ. ભટ્ટ નોંધે છે કે, 'શિક્ષકની નિષ્ઠાઅને દ્રષ્ટિ'ની પાંચમી આવૃત્તિબહાર પડી રીહી છે તે અત્યંત આનંદદાયક ઘટના છે. આજની પરિસ્થિતિમાં આ પુસ્તક અત્યંત જરૂરી લાગે છે. ગુજરાતના શિક્ષકો ફરતા ચારે બાજુ મૂલ્યોનો કાસ સમાન ઊછળતો સાગર ઘૂઘવી રહ્યો છે ત્યારે આ પુસ્તક તેમને માટે દીવાદાંડીરૂપ બની રહેશે તેમ મને લાગે છે. મારા સ્વ. પૂ. પિતાજી પોતાની ઓળખ 'શિક્ષક' તરીકે આપતા. ન તેથી વધુ ન તેથી ઓછું. એ બાબત આ લેખોમાં વાચકોને જોવા મળશે."

આ પુસ્તકના લેખક પ્રથમ આવૃત્તિમાં 'નિવેદન' આપતા લખે છે કે, "સને ૧૯૪૫થી માંડીને અત્યાર સુધી કેળવણીનાં જુદાંજુદાં પાસાં પર જે કંઈ લખાણો લખાયાં છે. તેમાંથી કેટલાંએક સંગ્રહરૂપે આ ગ્રંથમાં મૂક્યાં છે. વાચક પહેલી નજરે જોઈ શકશે કે આમાં કોઈ મૌલિકતા, નવી દ્રષ્ટિ કે નવા સિધ્ધાંતોનું નિરૂપણ નથી. માત્ર પ્રામાણિકપણે ખુલ્લી આંખ, ખુલ્લું મગજ ને ખુલ્લું દિલ રાખીને શિક્ષણના વ્યવસાયમાં કામ કરતાં-કરતાં, વાચન-મનન-અનુભવ કરતાં-કરતાં, કોયડાના ઉકેલ માટે મથતાં-મથતાં, જે કંઈ મળ્યું તેની નોંધ છે, અને તેમાંથી મારા જેવા શિક્ષકોને કંઈક વિચારવા માટેનું કે પોતાની મુશ્કેલીઓ માટેના ઉકેલનું ભાથું મળશે, એવી આશાથી આ લેખોને એકત્ર કરવાનું સાહસ કર્યું છે."

આ પુસ્તકમાં ચાર વિભાગો છે. જેમાં વિભાગ-૧ 'સિધ્ધાંત' આધારિત નિબંધો અંતર્ગત શિક્ષકની નિષ્ઠા,

કેળવણીનું લક્ષ્યબિંદુ, કેળવણીમાં વ્યક્તિત્વનું સ્થાન, લોકશાહી માટેની કેળવણી, ડિસિપ્લિન, સ્વાતંત્ર્યનું શિક્ષણ, અધિકારની માવજત : એકદ્રષ્ટિ, જીવન-વ્યવહારમાં સદાચાર : માનવતાની દ્રષ્ટિએ, શિક્ષક થતાં પહેલાં, સાંસ્કૃતિક કટોકટી અને શિક્ષણ અને માનસિક વિકૃતિની સામાજીક અસર જેવાં નિબંધો છે.

વિભાગ-૨ 'વ્યવહાર'નો છે. જેમાં, શિક્ષકની જીવાળી, અભિપ્રાયોનું શિક્ષણ, રસ કે રસાભાસ ?, શિક્ષક-વિદ્યાર્થીના સંબંધો, ફરજીયાત ને મરજિયાત, નઈ તાલીમ અને ક્રમ જેવા વિષયો પર લખ્યું છે.

વિભાગ-૩ 'છાત્રાલય' વિશેનો છે. જેમાં નઈ તાલીમ અને છાત્રાલય, છાત્રાલય અને કેળવણી, છાત્રાલય જીવનના કેટલાંક પ્રશ્નો અને છાત્રાલયમાં ચોરીનો પ્રશ્ન પરના નિબંધો છે.

છેલ્લે પ્રકીર્ણમાં ઓલવાયેલા કોડિયાનો પ્રકાશ, વ્યક્તિત્વની પ્રતિષ્ઠા, સાબૂત પાયો ધરબવા માટે, લોકનાયક ગાંધીજી, પ્રેમનો મસીહા, વીરડાને જીવતો રાખીએ અને ધરતીને ધાવજો – ચૂસજો મા... જેવા નિબંધો છે.

આમ કુલ મળી અઠયાવીસ નિબંધો મૂકવામાં આવ્યા છે. પરિશિષ્ઠ-૧માં શીતળ માનવ્યની ઘટાદાર છાયા, પરિશિષ્ઠ-૨માં મૂળશંકર મો. ભટ્ટ: સમય-સરિતાને કાંઠે કાંઠે અને પરિશિષ્ઠ-૩ માં લેખકના પુસ્તકોની યાદી મૂકવામાં આવ્યા છે. પુસ્તકના મલપૃષ્ઠ પર લેખકનો પરિચય મૂકવામાં આવ્યો છે.

મૂળશંકરભાઈ છેલ્લે નિવેદનમાં લખે છે કે, “તાણ વગરનું સંયમી જીવન, સંતુષ્ઠ એવું કુટુંબજીવન, કષ્ઠોને ધૈર્યથી ઝીલવાની વૃત્તિ, આદરયુક્ત સામાજીક સંબંધો, સ્વધર્મ – નિષ્ઠામાંથી ઊભો થતો અદ્વૈષભાવ. આ બધાં લક્ષણોને પ્રગટ કરતો શિક્ષક વર્ગ ઠેરઠેર કામ કરતો હોય એવા સમાજને ને કાળને જોવાની મારી ઝંખના છે, આવી ઝંખનાને પોષે તેવા શિક્ષકોની પેઢી આપણા જુવાનોમાંથી ઊભી થાય. તેના પ્રયત્નમાં આ પુસ્તકમાંના વિચારો કંઈકેય ફાળો આપી શકે તો કંઈક વળતર મળ્યાનો સંતોષ થશે.”

ચાલો... આપણા અંદર બિરાજમાન શિક્ષકત્વને ગુરુત્વ તરફ લઈ જવા માટે આ પુસ્તક વાંચીએ. વાંચીએ જ નહિ, પરંતુ તેને આપણા વ્યવહારમાં પણ મૂકીએ.

**પ્રાચાર્ય,**
**જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET),સુરેન્દ્રનગર**
**મોબાઈલ : ૯૮૨૪૮ ૨૫૫૬૧**

## <u>આપણી શાળા ઓવનગઢ</u>






**''જબ તક સફલ ન હો, નીંદ ચૈન હી ત્યાગો તુમ,**
**સંઘર્ષો કા મેદાન છોડ મત ભાગો તુમ,**
**કુછ કિયે બિના જય જયકાર નહીં હોતી,**
**કોશિશ કરને વાલો કી હાર નહીં હોતી.''**

આ પંક્તિઓ ઓવનગઢ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ખૂબ જ બંધ બેસે છે. આજથી આઠ વર્ષ પહેલા તમે જો એ શાળા જોઇ હોય અને આજે જુઓ તો તમારી આંખો આશ્ચર્યથી પહોળી થયા વિના ના રહે.

'બેટા રોજ-રોજ તને ત્યાં કોણ મૂકવા આવે ?' -માતા
'હું ફઇના ઘેર રહીને ભણીશ' -પુત્રી
'આપણી શાળામાં સારૂ જ ભણાવે છે.' -માતા
'ઓવનગઢ જેવું નહીં.' -પુત્રી
'ભણવું હોય ઇ બધે ભણે' -માતા
'મારે ભણવું જ છે ને મારા પપ્પાનું નામ રોશન કરવું છે.' -પુત્રી

બંને જણા શું રકઝક કરો છો ? પિતા બોલ્યા.

'આ તમારી ગગીને ઓવનગઢ ભણવા જવું છે ને મારે એને એની ફઇને ત્યાં મોકલવી નથી તમે જ કહો, શું કરવું ?'

તમે બંને શાંત થઇ જાવ, હું રોજ તેને મૂકવા અને લેવા જઇશ. એમ કહી ધો. ૪ માં ભણતી ગુંજનને તેના પિતા હનુભાઇએ તેડીને વ્હાલ કર્યું. આ વર્ષે ઓવનગઢ પ્રા. શાળામાં ધોરણ ૪ માં ગુંજનનું નામ દાખલ થયું. આ સત્ય ઘટના છે. શાળાના શિક્ષકો અને તેમનું કાર્ય અને આચાર્યની નિષ્ઠાથી ઓવનગઢ શાળાનું નામ આજુ-બાજુના ગામમાં ગુંજતું થયું. આજુ-બાજુના ગામના તથા સગા-વ્હાલાના એમ કુલ ૩૫ બાળકો ત્યાં બીજી શાળાના ભણે છે.શિક્ષકોએ વાલીનો અને વિદ્યાર્થીઓનો પોતાનો શૈક્ષણિક કાર્યથી એવો વિશ્વાસ સંપાદન કર્યો કે આજે ઓવનગઢ ગામમાંથી એકપણ બાળક પ્રાઇવેટ શાળામાં જતું નથી. જે શિક્ષકોએ કરેલા કામનો પડઘો છે.

શિક્ષકોએ આયોજનબધ્ધ કામ કર્યું. પરિણામે વર્ષ ૨૦૨૧માં 'પ્રેમની પરબ' દ્વારા સાયલા તાલુકાની શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ મળ્યો. શિક્ષકોએ સ્વચ્છતા માટે ટીમ બનાવી. વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાની ટેવ વિકસાવી. વર્ષ ૨૦૨૨માં સ્વચ્છ શાળાનો પુરસ્કાર શાળાને મળ્યો.

આ શાળામાં જાવ તો તમને સ્વચ્છતા ઊડીને આંખે વળગે...
આ શાળામાં જાવ તો તમને ઔષધબાગ જોવા મળે...
આ શાળામાં જાવ તો તમને કીચનગાર્ડનના છોડવા તમારું સ્વાગત કરે...
આ શાળામાં જાવ તો તમને ૨૪૦ વૃક્ષો ઓક્સિજન આપી આવકારો આપે...
આ શાળામાં જાવ તો ગ્રીનલોનમાં તમને આળોટવાનું મન થાય...

છે ને મજાની શાળા ! હવે વર વધૂ પ્રીવેડિંગના ફોટા પડાવવા માટે શાળામાં આવે છે, એટલી સુંદર શાળા છે. ફક્ત બાહ્ય સુંદરતા જ નથી. ઓવનગઢ પ્રા. શાળાનો શિક્ષણમાં પણ 'B' ગ્રેડ મળેલો છે, તેથી તો શાળામાં ૨૯૦ થી વધુ સંખ્યા છે. શિક્ષકોની કાર્યનિષ્ઠાને વંદન કરવાનું મન થાય છે. ૪૫૦૦ ચોરસ મીટર મેદાન છે. વૃક્ષોને ડ્રીપઇરીગેશન સિસ્ટમ અને ગ્રીન લોનને ફૂવારા પધ્ધતિથી પિયત થાય છે. ૩ એકરમાં બનેલી શાળા છે.

આવી સુંદર શાળા માટે જમીન ફાળવવા માટે કલેક્ટર સાહેબને અભિનંદન આપવા ઘટે. રાજ્ય સરકારે આ શાળાનું નિર્માણ કરીને ઓવનગઢના બાળકોના ભવિષ્ય ઉજ્જવળ બનાવ્યા છે. સૌથી વધુ અભિનંદન શાળાના આચાર્યશ્રી દિનેશભાઇ સાપરાને આપવા પડે તેમ છે. નવી શાળાનું નિર્માણ વખતે જાનથી મારી નાખવાની ધમકીઓ વચ્ચે અડીખમ રહીને તેમણે શાળાનું જ નહીં પણ સરસ્વતી માતાનું મંદિર બનાવ્યું છે. સાયલાથી ૨૨ કિ.મી. દૂર આ શાળામાં એકવાર મુલાકાતે જાવ તો નવું જોવા, જાણવા અને શીખવા મળશે એની ખાત્રી હું આપું છું.

આવી શાળા જોયા બાદ એક સુક્તિ યાદ આવે –

'આણંદ કહે કરમાણદા, માણસે માણસે ફેર,
એક ગામ ઉજ્જડ કરે, એક વસાવે શેર.'

શાળા તો ઘણી હોય છે. સરસ્વતીના મંદિરરૂપી શાળાઓ ખૂબ ઓછી જોવા મળે છે. સરસ્વતીના મંદિર માટે જરૂરી સમર્પણ, સહકાર અને કાર્યનિષ્ઠા ધરાવતા શાળાના સમગ્ર સ્ટાફને વંદન સાથે આભિનંદન....

**– મુકેશભાઇ બદ્રેશિયા**
**એચ.ટાટ**
**શાળા નં. ૧૭, સુરેન્દ્રનગર.**








## ડાયેટ સમાચાર

## ઓડિટોરિયમ હોલનું ખાતમુહૂર્ત

GCERT ગાંધીનગર દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાંટ અન્વયે R&B મારફતે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર ખાતે 250 વ્યક્તઓની બેઠક સાથેનો ઓડિટોરિયમ હોલ બનાવવા માટેનું ખાતમુહૂર્ત લાભપાંચમના દિવસે ભારત સરકારના રાજયકક્ષાના માનનીય મંત્રીશ્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા સાહેબના વરદહસ્તે કરવામાં આવ્યું. આ અવસરે વઢવાણ વિસ્તારના માન. ધારાસભ્યશ્રી ધનજીભાઈ પટેલ, શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી નરેન્દ્રભાઈ મુંજપરા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીમતી શિલ્પાબેન પટેલ, ડાયેટના પ્રાચાર્ય ડૉ. સી. ટી. ટૂંડિયા,જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી દેવાભાઈ સભાડ તથા સારસ્વત પરિવારની ઉપસ્થિતિ રહી.

વિક્રમ સંવત ૨૦૭૯, કારતક સુદ લાભપાંચમને શનિવારે ૦૯.૩૦ કલાકે શુભ ચોઘડિયે તારીખ ૨૯.૧૦.૨૦૨૨





**<u>ડૉ.મનોજભાઈ કોરડીયાની સ્વૈચ્છિક નિવૃત્તિ શુભેચ્છા સમારંભ</u>**

12.09.2022

જીસીઈઆરટી ગાંધીનગર રીસર્ચ એસોસિયેટ અને ડાયેટ સુરેન્દ્રનગર ના ભૂતપૂર્વ ઇન્ચાર્જ પ્રાચાર્ય ડૉ.મનોજભાઈ કોરડીયાની સ્વૈચ્છિક નિવૃત્તિ પ્રસંગે ડાયેટ સુરેન્દ્રનગર સમગ્ર સ્ટાફ દ્વારા ડૉ.મનોજભાઈને નિવૃતિની શુભેચ્છાઓ પાઠવવામાં આવી.સમગ્ર ડાયેટ પરિવાર દ્વારા ડૉ.મનોજભાઈ સાથે પસાર કરેલ અનુભવોની વાતો કરવામાં આવી. એક નાનકડા સ્મૃતિચિન્હ સાથે તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



## <u>ધોરણ 1 થી 3 અંગ્રેજી આર.પી, એમ.ટી તેમજ શિક્ષક તાલીમ</u>

ધોરણ 1 થી 3 અંગ્રેજી વિષય તાલીમ અંતર્ગત જીસીઈઆરટી ગાંધીનગર અને ડાયેટ સુરેન્દ્રનગર દ્વારા તા.6 થી 8 સપ્ટેમ્બર 2022 એમ ત્રણ દિવસ ઝોન લેવલની રિસોર્સ પર્સન તાલીમનું આયોજન કરવામાં આવ્યું.જેમાં અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ શહેર,પાટણ, ભુજ,ભાવનગર, બોટાદ, અમરેલી,ખેડા અને સુરેન્દ્રનગર જીલ્લાના શિક્ષકોને તાલીમ આપવા માટે રિસોર્સ પર્સન તૈયાર કરવાની તાલીમનું આયોજન કરવામાં આવ્યું.તાલીમના પ્રથમ દિવસે પ્રાર્થના કાર્યક્રમ બાદ ડૉ.કે આર પંડ્યા દ્વારા સમગ્ર તાલીમ કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી.ડાયેટ પ્રાચાર્યશ્રી ડૉ,સી.ટી.ટૂંડિયા દ્વારા તાલીમને અનુરૂપ માર્ગદર્શન આપવામાં આવ્યું.તાલીમ અંર્તગત ચંદ્રેશભાઈ બોરીસાગર-અમરેલી, જીજ્ઞાબેન ઠકરાર-અમરેલી, જાગૃતિબેન ભટ્ટ-ડાયેટ ભાવનગર,પુનિત ઉપાધ્યાય-ભાવનગર,નીતિન પંચાલ-સુરેન્દ્રનગર,ડૉ.કોમલબેન પંડ્યા-ડાયેટ સુરેન્દ્રનગર તજજ્ઞ તરીકે કામગીરી કરી હતી.તાલીમના પ્રારંભે તમામ આર.પી ની પ્રિ ટેસ્ટ લેવામાં આવી.રિસોર્સ પર્સનને તજજ્ઞો દ્વારા વિવિધ પ્રવૃતિઓ સાથે તાલીમ આપવામાં આવી.તાલીમના અંતિમ દિવસે પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી.તાલીમના અંતે તાલીમ અંગેના ફીડબેક લેવામાં આવ્યા. ડૉ. રાજેન પીતલીયા, નિલેશ ગજ્જર, હેમલ તુરખીયા અને રણજીતસિંહ રાઠોડે તાલીમ કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ કરવા સહકાર આપ્યો હતો.

ધોરણ 1 થી 3 અંગ્રેજી વિષય તાલીમ અંતર્ગત  ડાયેટ દ્વારા સમગ્ર જીલ્લાના શિક્ષકોને તાલીમ આપવા માટે તા.12 થી 13 સપ્ટેમ્બર 2022 અને તા.14 થી 15 સપ્ટેમ્બર 2022 એમ બે બે  દિવસ એમ.ટી. તાલીમનું આયોજન કરવામાં આવ્યું.તાલુકાદીઠ નિયત સંખ્યામાં માસ્ટર ટ્રેનર્સને રિસોર્સ પર્સન દ્વારા તાલીમ આપવામાં આવી.તાલીમ દરમિયાન પ્રિ ટેસ્ટ ,પોસ્ટ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.તાલીમનું સમગ્રતયા સંચાલન ડૉ.કે.આર.પંડ્યાએ કર્યું હતું

એમ.ટી તાલીમ બાદ તા. ૨૧ થી ૨૨ સપ્ટે.22 અને તા.26 થી 27 સપ્ટે.22 દરમિયાન જીલ્લામાં ધોરણ 1 ને 2 તેમજ ધોરણ 3માં અંગ્રેજી વિષયનું અધ્યાપન કાર્ય કરતા તમામ શિક્ષકોને તાલીમ આપવામાં આવી. જીલ્લામાં કુલ 1845 શિક્ષકોને આ તાલીમ આપવામાં આવી હતી. તાલીમ વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રયુક્તિથી ભરપુર જોવા મળી.તમામ તાલુકામાં તાલીમનું સંચાલન કાર્ય બીઆરસી કૉ. શ્રીએ કર્યું હતું






## ધોરણ 4 અને 5 અંગ્રેજી નેવીગેટર માસ્ટર ટ્રેનર્સ તાલીમ

ધોરણ 4 થી 5 અંગ્રેજી નેવીગેટર તાલીમ અંતર્ગત ડાયેટ દ્વારા સમગ્ર જીલ્લાના શિક્ષકોને તાલીમ આપવા માટે તા.07 થી 08 ઓક્ટોબર 2022 એમ બે દિવસ એમ.ટી. તાલીમનું આયોજન કરવામાં આવ્યું.તાલુકાદીઠ નિયત સંખ્યામાં માસ્ટરટ્રેનર્સને રિસોર્સ પર્સન દ્વારા તાલીમ આપવામાં આવી. નિલેશ ગજ્જર, મેહુલ ત્રિવેદી અને ગીતાંજલિ દવે દ્વારા વિવિધ પ્રવૃત્તિ આધારિત તાલીમ આપવામાં આવી. તાલીમનું સમગ્રતયા સંચાલન ડૉ.કે.આર.પંડ્યાએ કર્યું હતું




## ઇનોવેશન શેરીંગ વર્કશોપ

જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા આગામી સમયમાં આયોજિત જીલ્લા કક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલ સંદર્ભે ઇનોવેશન શેરીંગ વર્કશોપનું આયોજન 17 અને 18 નવેમ્બર 22ના કરવામાં આવ્યું.સીઆરસીદીઠ ઇનોવેશનમાં રસ ધરાવતા એક એક શિક્ષકને એક દિવસીય બેઠકમાં પોતાના ઇનોવેશનનું શેરીંગ કરવા માટે બોલવવામાં આવ્યા.17 તારીખે જીલ્લાના પાંચ તાલુકામાંથી અને 18 તારીખે અન્ય પાંચ તાલુકામાંથી ઇનોવેટીવ શિક્ષકો પોતાના કાર્યનું પ્રેઝન્ટેશન કરેલ. ઇનોવેશન એટલે શું? પોતાના કરેલા કાર્યને અન્ય સાથે શેરીંગ કરવું જેવી પ્રવૃતિઓ તાલીમ દરમિયાન ડૉ.કે.આર.પંડ્યાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.





## મુલાકાત

યંગ મેન ગાંધીનગર એસોસિએશન દ્વારા નિષ્કામ ભાવે માન સેવા કરતા સમાજના વિશિષ્ટ મહાનુભાવોનું, પ્રતિવર્ષ સૌરાષ્ટ્રના લબ્ધ પ્રતિષ્ઠિત અશોક ગોંધિયા એવોર્ડમાં ૧૯૯૩ના વર્ષ માટે, સુરેન્દ્રનગરને કર્મભૂમિ બનાવનાર સુસાન એન્થની એવોર્ડ વિભૂષિત સન્નારી શ્રીમતી શાંતાબહેન નાગજીભાઇ દેસાઇની પણ પસંદગી થઇ છે. ''તાઇ''ના હૂલામણા નામથી જાણીતા શાંતાબહેન અને તેમની પ્રવૃત્તિ વાંચકોને રસ જ નહિ પણ સ્ત્રી સમાજે કંઇક શીખી લે તેવું ભાથું બંધાવે તેવી જાજરમાન દાસ્તાનથી ભરપૂર છે.

રાજસ્થાનના લોહાવટ ગામમાં જન્મેલ આ નારીરત્ન વેરાન વગડાના વિસ્તાર જેવા સુરેન્દ્રનગરમાં કાર્યક્ષેત્ર બનાવવા કેવી રાતે આવી ચડેલ છે. તેમણે એક વિધિની જ કરામત જેવી કથા છે.

શાંતાબહેન તેમના પરિવારનું ચોથું સંતાન. પિતા કનૈયાલાલ લુનીયા રાષ્ટ્રીય ચળવળને દેશભક્તિથી રંગાયેલા, એટલે આઝાદી પહેલાના જમાનામાં જેલવાસ કરવાની સોનેરી તક શાંતાબહેનના પિતાને પણ મળેલી. પૂ. વિનોદજીના સંપર્કે તેમના મનમાં ઠસી ગયું કે દેશદાઝનો વ્યાપક ફેલાવો દેશમાં કરવો હોય તો બાળ કેળવણી એક અનિવાર્યતા ગણવી જોઇએ અને આ માટે તાલીમ બધ્ધ સ્ત્રી સેવિકાઓ બનવી જોઇએ. જેલવાસમાં મળેલ આ પ્રકારના બળથી તેમણે તમના સૌથી નાના ને લાડકા સંતાન એવા શાંતાબહેનને મહારાષ્ટ્રના બોરડી ગામે પૂ. તારાબેન મોડક પાસે  બાળ શિક્ષણની મોન્ટેસરી પધ્ધતિની તાલીમ માટે મોકલવા નિર્ધાર કર્યો, પુત્રી શાંતાની આ માટે તૈયારી છે કે કેમ તે પૂછ્યું અને એક તેજસ્વિતા તારાબેન મોડક પાસે બોરડી ગામે પહોંચી ગયા.

સુખી અને સાધન સંપન્ન જૈન પરિવારની આ તરુણીમાં બાળ શિક્ષણ, બાળ સંભાળ અને બાળકના લાડ કોડ અંગે સમાજમાં વિદ્યમાન જરી પુરાણા ખ્યાલો અને ગ્રંથીઓને જળમૂળથી ઉખાડી નાખવા જોમ ભર્યા શમણા જાગ્યા. યોગાનુંયોગ ભાવનગર દક્ષિણામૂર્તિમાં ચાલતા બાળ અધ્યાપન મંદિરમાં શાંતાબહેન સહાધ્યાયી તાલીમીઓ સાથે પ્રવાસે આવ્યા, તે વખતે નાગજીભાઇ દેસાઇ નામનો એક રબારી યુવક પણ એસ.એસ.સી. પછી કરાતો બાલ અધ્યાપન મંદિરનો અભ્યાસક્રમ શીખવા આવેલ.

કુંટુંબ, બાળક, સમાજ અને રાષ્ટ્રએ બધા વિષયો ઉપર બાળકને કેન્દ્રમાં રાખી થયેલ ચર્ચા-વિચાર ગોષ્ઠિ તેમજ આનુસંગિક પ્રવૃત્તિઓના પરિપાકરૂપ જૈન સમાજની યુવતી શાંતાબહેન અને ગામડાના રબારી યુવક નાગજીભાઇ દેસાઇના તરવળાટ અને જોમ સાથે મેળ ખાતો હોય એમ વિધિએ ઘાટ ઘડવા માંડ્યો. જ્ઞાતિ, ધર્મ કે પ્રદેશની બાધકતા આ તરવરીયા નવ જુવાનોને એક-મેક તથા રોકી ન શકી. પરિણામે સને ૧૯૫૬માં બન્ને લગ્નગ્રંથિથી જોડાઇ સહધર્મી બન્યા. એમને મન એમનો ધર્મ હતો સમાજમાં બાળકો માટે સ્વમાનભેર જીવવાની તક આપતી દુનિયા રચવી અને આ દુનિયા રચવા ખપી જવાય ત્યાં સુધી પુરુષાર્થ કર્યે રાખવો.

સ્નેહ લગ્નથી જોડાયેલી સફર સરળ હોવાના ઓછા દાખલા છે તેમ શાંતાબહેન અને નાગજીભાઇ માટે પણ બન્યું. નવા જમાનાના વિચારો ધરાવતા હાંતાબહેનના જૈન પરિવારે જીવન સાથી પસંદ કરતું તેમનું પગલું વ્યાજબી ન ગણ્યું. દલીલ

આગળ ધરાતી હતી કે એક સાધન સંપન્ન શ્રીમંત કહી શકાય તેવા ઘરની પુત્રી પરપ્રાન્તના અને એમાં ગામડાના અભણ, અબૂધ ગણાતા પશુપાલક રબારી સમાજમાં જીંદગીનો મેળ ન બેસાડી શકે. પણ પરિપકવ પ્રેમ બંધનને કોઇ દલીલ ડગાવી શકતી નથી, એ ઇતિહાસ સત્યે શાંતાબહેન અને નાગજીભાઇનું જોડાણ મનગમતી પ્રવૃત્તિ શોધવા આગળ ડગલા ભરતું જ રહ્યું.

સુરેન્દ્રનગરની ભોમકા તેમને બોલાવતી હતી અને સુરેન્દ્રનગરના કોઠારી બાલ અધ્યાપન મંદિરમાં નોકરી મળી ગઇ. બાળ માનસનો રોજે રોજ પરિચય તેમને વૈજ્ઞાનિકની પ્રયોગશાળા જેવું ભાથુ આપતા હતા. એક દિવસની ઘટનાઓ તો નવો વળાંક આપ્યો.

બનાવ હતો - એક ઝાડની બખોલમાં રાત્રીના સમયે ટુંટિયા વાળેલો એક બાળક હીબકાં ભરતો રોતો ઠંડીમાં થર થરતો આ યુગલે જોયો. આ દુઃખિયારા માનસને વાંચવા સ્પર્શ કર્યો, તો બાળકનું શરીર તાવથી ધગધગતું હતું. આ બાળકને સથવારો આપવા સાથે લીધો જાણ્યું તો ખબર પડી કે નવી માતાએ તેને અસહ્ય માર અને ડામનો ત્રાસ આપતા તે ઘેરથી નાસી છુટ્યો હતો.

સમાજમાં એક યા બીજા બહાને વડીલોની સમજની નાદારીનો ભોગ બનતા આવા માનવ ફુલડાઓ અકાળે મુરજાય કે કચડાય ન જાય તો બીજું થાય શું ? એ ધગધગતા વિચારોએ આ દેસાઇ યુગલનું દિલ આ માટે શું કરવું તેવા વિચારોના ઝોલે ચડ્યું અને તેમાથી સુરેન્દ્રનગરના મોરબી સ્ટેશન વિસ્તાર તરીકે જાણીતા લતામાં આવેલા હાલના શ્રી એલ. એમ. ધ્રુવ બાલાશ્રમની પ્રવૃત્તિના અંકુર રોપાયા.

ધુળને પણ સોડમ હોય છે. આ સોડમ દિલને તરબતર કરે છે પણ એ સોડમ ત્યારે જ પ્રસરે છે જ્યારે વર્ષારાણીનો સ્પર્શ ધરતીને ભીંજવે અને તેમાંથી ધુળની સોડમ મઘમઘે. એવું જ બાળકનું જો ધુળમાં રમતા-રઝળતા કે રગદોળતા ફુલડાઓ છે તેને શિક્ષણ અને સંસ્કારની વર્ષાનું યથા સમયે સિંચન અને લાલન-પાલન મળે તો સુગંધ પ્રસરાવતા એ બાળ ફુલડાઓ સમાજના જવાબદાર નાગરિકો બની શકે. એ સુત્રને ચરિતાર્થ કરતી સંખ્યાબંધ પ્રવૃત્તિની સુવાસ શાંતાબહેને પતિ નાગજીભાઇ દેસાઇના સથવારે ઉભી કરી છે, તેની કદર તરીકે બાળ કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરનાર સંસ્થા તરીકેનું રાજ્ય પારિતોષિક પણ આ સંસ્થાને મળ્યું છે.

આ બાલાશ્રમનું અનાથ બાળક સમાજમાં કદી અનાથ ન રહે એટલું નહિં પણ સમાજને સહીયારી મૂડીરૂપ અમાનત બને એ માટે મથતા આ દંપતીએ બાળ મંદિરથી માધ્યમિક શિક્ષણ, પી.ટી.સી. કોલેજ અને બી.એડ્. કોલેજ જેવી સંસ્થાઓ ઉભી કરી વડલાની શાખાપ્રશાખા જેમ શિતલછાંયા પ્રસરાવી છે.

''ઇશ્વરના આશીર્વાદ જેટલી જ અમારા છોકરાઓની દુઆ આ એવોર્ડમાં હકદાર છે.'' એમ એવોર્ડ સ્વીકારતા કહેતા શાંતાબહેને દ્રઢ મનોબળ, સખત પરિશ્રમ અને આમ જનસમાજ માટે કરી છુટવાની ભાવના કશું જ કોઇ માટે અશક્ય નથી એ દ્રષ્ટાંત જીવન જીવી તેમણે બતાવી ખરેખર પુરૂ પાડ્યું છે. તેમ કહી એ તો ખોટું તો નથી જ ને ?

જય હિંદ - આભાર.

**- વિનોદ આચાર્ય**

# બી.એડ્. કોલેજ એક્ટિવીટી










## બોલકાં પાણી ને મૌન વાણી

બહું કાઠું પડે છે.
માધાવાવનાં પગથિયાં ઊતરવામાં.
પગથિયાં ચડાવાનાં હોય તો વરઘોડિયાં,
પગથિયાં નવાં છે એટલે,
ધબધબ કરતાં ચડી જાય.
પણ આ તો નવી વાવ છે,
નવાં પગથિયાં છે.
વાવના ગોખલામાં હજી યુવાન કપોતયુગ્મ,
એકમેકની ચાંચમાં ચાંચ પરોવી
ઘૂ ઘૂ ઘૂ કરતાં નથી.
 નહિતર એ ઘૂ ઘૂ ઘૂ-ના ઘેનમાં
વાવનાં પગથિયાં ઊતરી
વાવના તળિયે પહોંચી જવાય.
પાણીના ઝામા જોઇ
હાશકારો પામવા કાજે છે એમની ગતિ,
પગથિયાં ઊતરવાં એ જ છે એમની નિયતિ.
વરઘોડિયાની ઘેઘૂર આંખમાં દેખાતું
બલિદાનનું મીઠું જળ,
વાવના કાંઠે ઊભેલા વઢવાણવાસીઓની
આંખોમાં તગતગતું પ્રતીક્ષાનું ખારું જળ
ક્યારે એકમેકમાં ભળી ગયું,
વરઘોડિયાનું અસ્તિત્વ ગળી ગયું
એની ભવિષ્યના કપોતયુગ્મને
ક્યારેય પણ ખબર ન પડી.
વરઘોડિયા એક દિવસ જરૂર,
વાવનાં પગથિયાં ધબ ધબ ચડી
પાછા ફરશે
એમ વઢવાણવાસીઓ ખોબો ધરી,
લાંબી પ્રતિક્ષામાં, પીતા વાવનું પાણી,
હજી અફર છે
બોલકાં પાણીને મૌન વાણી.

**- રમેશ આચાર્ય**

**બુક-પોસ્ટ**

To ____________________________________

____________________________________

____________________________________

**<u>રવાના :</u>**

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**સુરેન્દ્રનગર**